જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૩/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૭/૧૭**

## અમદાવાદ શહેરના સેટેલાઇટ, વસ્ત્રાપુર, આલ્ફામોલ, બોડકદેવ, થલતેજ જેવા પોશ વિસ્તારોમા તથા રેલ્વે સ્ટેશનમા ભીડભાડવાળી જગ્યામાંથી મોબાઇલ ફોનની ચોરી કરતા એક ઇસમને ચોરીના એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-૧૧ સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.એસ.સુવેરા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.જે.જાડેજા તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, દાણીલીમડા તીનબત્તી ત્રણ રસ્તા પાસેથી આરોપી ભુવન ઉર્ફે રઘુભાઇ S/O શૈલેષભાઇ જાતે ધાનક(સોની) (ઉ.વ.૨૭) (રહે. લેકવ્યુ સોસાયટી, ગણપતિ મંદિર પાસે, આલ્ફાવન મોલ પાસે, વસ્ત્રાપુર)ને ચોરીના જુદીજુદી કંપનીના મોબાઇલ ફોન નંગ-૧૧ કિં.રૂ.૪૩,૦૦૦/- તથા ઓટોરિક્ષા કિં.રૂ.૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૩,૦૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડેલ છે.

**ગુનાહીત ઇતિહાસ:-** પકડાયેલ આરોપી ત્રણેક વર્ષ પહેલા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમા ખુનની કોશિશના ગુન્હામા પકડાયેલ છે. તથા બે વર્ષ પહેલા લુંટના ગુન્હામાં સરખેજ પોલીસ સ્ટેશનમા પકડાયેલ છે તથા એકાદ વર્ષ પહેલા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમા લુંટ કેસમા પકડાયેલ છે અને આ રાજકોટ જેલ ખાતે પાસા અટકાયત હેઠળ પગલા લેવામા આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં જણાવેલ કે છેલ્લા બે વર્ષ થી ઓટોરિક્ષા ચલાવતો હોય **છેલ્લા છ-સાત મહિનામા સેટેલાઇટ, વસ્ત્રાપુર વિસ્તારમા આવેલ વસ્ત્રાપુર તળાવ, આલ્ફામોલ, થલતેજ, બોડકદેવ જેવા વિસ્તારોમા ડ્રાઇવરો ગાડી પાર્ક કરીને સુઇ ગયેલ હોય તેમની નજર ચુકવી ગાડીમાંથી મોબાઇલ ફોનની ચોરી કરતો હતો તથા ભીડભાડ વાળી જગ્યામાથી પાકીટ ચોરી કરતો હતો તેમજ કાલુપુર રેલ્વે સ્ટેશન જાય ત્યારે ત્યાંથી પણ મોબાઇલ તથા પાકીટની ચોરીઓ કરતો હતો** અને ચોરી કરેલ મોબાઇલ ઓટોરિક્ષામા રાખી મુકતો અને પેસેન્જરોને મોબાઇલ વેચવા માટે જણાવતો તેમજ આજરોજ પોતે ચોરી કરેલ મોબાઇલ ફોન મણિનગર તરફ વેચવા સારુ પોતાની ઓટોરિક્ષામા જતો હતો દરમ્યાન ઝડપી લીધેલ છે. સદરી ઇસમ પાસેથી **સેમસંગ કંપનીના મો.ફોન-૨, VIVO મો.ફોન-૨, LYF મો.ફોન-૨, સોની કંપનીનો મો.ફોન-૧, માઇક્રોમેક્સ મો.ફોન-૧, લીનોવો કંપનીનો મો.ફોન-૧, ઇન્ટેક્ષ મો.ફોન-૧, ઇન્ટેલ મો.ફોન-૧, એસસ મો.ફોન-૧ મળી કુલ ૧૧ નંગ** મોબાઇલ ફોન સાથે ઝડપી લેવામા આવેલ છે અને સદરી આરોપી અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન મા મોબાઇલ ચોરીના ગુનામા વોન્ટેડ હોય અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમા સોપવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા પોલીસ સ્ટેશન:**

મે. પોલીસ કમિશ્નરશ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૭૧/૨૦૧૭ તા.૨૦/૦૩/૨૦૧૭ પાસા અટકાયતી નામે મહમંદસફી સ/ઓ બાબુભાઈ જાતે-અન્સારી ઉવ.૨૫ રહે. મ.નં.૪૯ મીમનગર સોસાયટી ખ્વાજાનગરની સામે કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૦/૦૩/૨૦૧૭ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

**ઓઢવ પોલીસ સ્ટેશન:-**

વેશ્યાવૃતીના ધંધા સાથે સંકળાયેલ વોન્ટેડ આરોપી ધ્વારા રુપજીવની લલનાઓ રાખી ધંધો કરાવતા રેઇડ કરી કાયદેસર કાર્યવાહી કરતી ઓઢવ પોલીસ.

અમો તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એસ.રઘુવંશી સાહેબ તથા સ્ટાફના માણસો સાથે આજરોજ તા.૨૦.૩.૧૭ ના કલાક ૧૪.૩૦ વાગે ઓઢવ સોનીની ચાલી બ્રીજ નીચે આવેલ સોહમ કોમ્પલેક્ષ બ્લોક નં.એ ના ત્રીજા માળે આવેલ હોટલ રાજ પેલેસ ગેસ્ટહાઉસમાં તેના માલિક ભવરસિહ ઉદેસિહ રાવ તથા મેનેજર મોતીસિહ રાવ નાઓ એકબીજાના મેળાપીપણામાં બહારથી સ્ત્રીઓ લાવી પોતાના ઉપરોક્ત ગેસ્ટહાઉસમાં રાખી બહારથી પુરૂષ ગ્રાહકો બોલાવી પોતાના આર્થીક ફાયદા સારુ વેશ્યાવુતીની અનૈતિક પ્રવુતી ચલાવતા હોઇ રેઇડ કરતા રુપલલનાઓ તથા પુરૂષ ગ્રાહક આરોપીઓ (૧) ઉસ્માન મોહમદજાન તુર્કી તથા (૨) પ્રકાશ મુન્નાલાલ ગૌડ (૩) દિનારામ રમતારામ રાજપુરોહીત (૪) મોહમદસફી અલ્લાહબેલી ગાંચી તથા હોટલમાં કામ કરતા કર્મચારી જશવંતસિહ ભગવતસિહ રાવ મળી આવતા પુરૂષ ગ્રાહક તથા હોટલ કર્મચારીને પકડી અટક કરવામાં આવેલ છે અને આ કામે પકડાયેલ આરોપીઓ તથા નહી પકડાયેલ હોટલના માલિક ભવરસિહ ઉદેસિહ રાવ તથા મેનેજર મોતીસિહ રાવ તથા નોકર જશવંતસિહ કેશરસિહ તથા લાલસિહ પૃથ્વીસિહ નાઓ મળી તમામ વિરુધ્ધ ઓઢવ પોલીસ સ્ટેશન સે.ગુરનં.૩૦૪૪/૧૭ ધી અનૈતીક વ્યાપાર (નિવારણ) અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩, ૪, ૫, ૯ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**શહેરકોટડા પોલીસ સ્ટેશન:**

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૩૪/૧૩ ઈ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦,૧૧૪ મુજબ ના કામે આરોપી રાધાકિશન રામલાલ બઘેલ ઉ.વ. ૨૮ રહે. પરીહારનગર ગલી નં ૧ ભાર્ગવરોડ, કુબેરનગર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૨૦/૦૩/૧૭ ના કલાક ૧૩/૩૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરી ચહેરાનિશાન પત્રક તથા એરેસ્ટ મેમો ભરી આ બરાબર મોકલેલ તો જરૂરી રજીસ્ટ્રે દાખલો રાખી સ્ટે.ડા. મા એંટ્રી કરી વધુ તપાસ અર્થે કાગળો પરત કરશો.
તા.૨૦/૦૩/૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશનઃ</u>**

શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૭૨/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબના કામના ફરીયાદી શ્રી મહેશભાઇ પાલાભાઇ પરમાર ઉ.વ ૫૬ રહે- એ/૨ નારાયણ કોમ્પલેક્ષ સિવિલ હોસ્પીટલ ગેટ ૨ ની સામે અસારવા શાહીબાગ અમદાવાદ નાઓની ફરીયાદ ના કામે તા.૧૯/૩/૨૦૧૭ ના ક.૦૫/૦૦ વાગે ફરીયાદી પોતાના પરીવાર સાથે ઘરમાં સુતા હતા તે વખતે એક અજાણ્યો ઇસમ ઉ.વ.૨૦ થી ૨૧ ના આશરાનો ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સેમસંગ કંપની ના બે મોબાઇલ ફોન કી.રૂ.૧૨,૦૦૦/- તથા બે સોનાની ની વીટી એક ઝુમરવાળી સોનાની બુટ્ટી સોનાની બંગડી નંગ-૨ જે દાગીના કુલ્લે રૂ.૪૮૦૦૦/- તથા રોકડા રૂ.૨૮૦૦૦/- મળી કુલ્લે રૂ.૮૮૦૦૦/- ની મત્તા ચોરી કરી નાસી ગયેલ હોય જે ગુનાના કામે સર્વે સ્કોર્ડ પો.સબ.ઇન્સ જે.એલ.ચૌહાણ નાઓએ પો.કો.રાજદીપકુમાર ચતુરભાઇ બ.ન.૫૭૫૮ નાઓની બાતમી હકીકત આધારે રણછોડપુરા ભીલ વાસ ના નાકેથી આરોપી દીવ્યાંગ ઉર્ફે મોંટુ કમલેશભાઇ ઠાકોર ઉ.વ.૨૧ રહે-રણછોડપુરા ભીલ વાસ શાહીબાગ અમદાવાદ નાઓને પકડી તેની પાસેથી રોકડા રૂ.૪૦૦૦/- રીકવર કરી તા.૨૦/૦૩/૨૦૧૭ ના કલાક ૨૧/૧૫ વાગે અટક કરી ગુનો ડીટેક્ટ કરેલ છે અને આગળ ની તપાસ ચાલુ છે.

**નાયબ પોલીસ કમિશનર**<br>**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**<br>**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)